NAAC Accredited Grade : B

College (O) : [02762] 253325
Prin. Resi : [02762] 253793
Fax : [02762] 254823
E-mail : mascmehsana.1964@gmail.com

SARDAR VIDYABHAVAN TRUST, MAHESANA SANCHALIT
Avani Seeds Vidya Sankul
**MUNICIPAL ARTS & URBAN BANK SCIENCE COLLEGE**
NAGALPUR ROAD, HIGHWAY, **MAHESANA - 384002** (N. Guj.)

## ઉમેદવારો માટેની અગત્યની સુચનાઓ

Munl. Arts And Urban Bank Science College MEHSANA 384002

(૧) પ્રશ્નપત્ર ભાગ-A (60 ગુણ) નું અને ભાગ- B (150 ગુણ) નું તથા દરેકનો 1 ગુણ રહેશે જેની દરેકે ખાતરી કરી લેવી.

(૨) પ્રત્યેક પ્રશ્નનો ઉત્તર A,B,C,D,E પૈકી કોઈ એક છે.

(3) ઉમેદવાર જો જવાબ ન આપવા માંગતા હોય તો તેને માટે OMR ઉત્તરપત્રકમાં વિકલ્પ E આપેલ છે.

(૪) ઉમેદવાર એ બધા જ પ્રશ્નોનાં ઉત્તર આપવા ફરજિયાત છે.

(૫) પ્રત્યેક સાચા જવાબ દીઠ 1 (એક) ગુણ મળવાપાત્ર થશે. મંડળ દ્વારા ગુણાંકન પધ્ધતિમાં માઇનસ પધ્ધતિ દાખલ કરવામાં આવી છે.

- જે મુજબ પ્રત્યેક ખોટા જવાબ દીઠ ખાલી છોડેલ જવાબદીઠ, છેકછાક કરેલ હોય કે એક કરતાં વધુ વધુ વિકલ્પ દર્શાવેલ જવાબદીઠ 0.25 ગુણ કાપવામાં આવશે. જો ઉમેદવાર જવાબ આપવા માંગતા ન હોય અને વિકલ્પ (E) ઘાટ્ટું કરશે તો 0.25 ગુણ કાપવામાં આવશે નહીં.
- જવાબચાવી (Answer Key) ફાઇનલ કરતી વખતે જો કોલેજ દ્વારા એક પ્રશ્નના એકથી વધુ વિકલ્પો સાચા છે તેમ જાહેર કરવામાં આવે તો સાચા વિકલ્પ પૈકી કોઈપણ જવાબ માટે 1 (એક) ગુણ મળવાપાત્ર થશે.

(૬) ઉમેદવાર વાદળી/કાળી બોલ પોઇન્ટર પેનથી ઉત્તરો લખવાના છે.અન્ય શાહી કે પેન કે પેન્સિલ તથા સફેદ શાહીનો ઉપયોગ કરી શકશે નહીં તથા સફેદ શાહી, બ્લેડ કે રબરથી કે અન્ય કોઈપણ રીતે કરેલ સુધારા માન્ય ગણાશે નહીં.

(૭) પરીક્ષા દરમિયાન ઉમેદવાર પાસેથી કોઈપણ સાહિત્ય, કાપલી, મોબાઇલ ફોન,પેજર, કેલ્ક્યુલેટર,બ્લૂટૂથ, સ્માર્ટવોચ કે અન્ય વીજાણુ ઉપકરણો હોવાનું જણાશે તો ઉમેદવારને ગેરલાયક ગણવામાં આવશે.

(૮) પરીક્ષા દરમિયાન ઉમેદવાર અંદરોઅંદર વાતચીત અવાજ કરવો કે નિરીક્ષકની સૂચનાઓનું ઉલ્લંઘન કરવું કે અન્ય કોઈ ગેરરીતિ કરવી તે ગેરશિસ્ત ગણાશે.

(૯) પરીક્ષા શરૂ થયેથી પૂરી થાય તે દરમિયાન ઉમેદવારે પરીક્ષાખાંડ છોડવાની સખ્ત મનાઈ છે.

(૧૦) પરીક્ષા સ્થળ સંચાલકશ્રી દ્વારા પરીક્ષા સંદર્ભે સૂચનાઓ આપવામાં આવે તેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

(૧૧) ખંડ નિરીક્ષકશ્રી દ્વારા પ્રશ્નપત્ર ઉત્તરપત્રની વિગતો ભરવા માટેની સુચનાઓ આપવામાં આવે તે ધ્યાને લઈ માહિતી ભરવાની રહેશે.આમ છતાં પણ વિદ્યાર્થી વિગત ભરવામાં ભૂલ કરશે અને તેને કારણે કોઈ વિવાદ ઊભો થશે તો તે વિદ્યાર્થિની પોતાની જવાબદારી રહેશે.

(૧૨) પરીક્ષાખંડમાં ઉપસ્થિત થવા માટે આપને મોકલવામાં આવેલ કોલ લેટર કમ હાજરીપત્રકમાં તાજેતરનો પોતાનો ફોટો ચોટાડી સાથે ફરજિયાત લાવવાનો રહેશે અન્યથા આ પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.

(૧૩) પરીક્ષામાં હાજરી આપતી વખતે ઓળખ માટે ઈલેકશન કાર્ડ, ડ્રાઇવિંગ લાયસન્સ,પાનકાર્ડ અથવા આધારકાર્ડ પૈકી કોઈપણ એક ઓળખપત્રની ઓરિજિનલ તથા ઝેરોક્ષ નકલ સાથે રાખવાની રહેશે.

(૧૪) નિર્ધારિત પરીક્ષા સમય કરતાં 01 કલાક અગાઉ આપે નિયત પરીક્ષા કેન્દ્ર ખાતે હાજર થવાનું રહેશે.

(૧૫) આપ ગેરરીતિ કે ગેરશિસ્ત આચારતા હશો કે આપની પાસેથી બિનઅધિકૃત પુસ્તકો, કાગળ, સાહિત્ય તથા મોબાઈલ, કેલ્ક્યુલેટર,પેન ડ્રાઈવ, સી.ડી. વગેરે જેવા કોઈ પણ વીજાણુ સાધનો મળી આવશે તો આપ ગેરલાયક ઠરશો તેમજ આવી વસ્તુઓ જપ્ત કરવામાં આવશે.

(૧૬) પરીક્ષા શરૂ થયા પછીથી પ્રવેશ મળી શકશે નહીં.

(૧૭) ચેતવણી : સંસ્થા દ્વારા થઈ રહેલ આ ભરતી પ્રક્રિયામાં આપ કે આપના વતી અન્ય ત્રાહિત વ્યક્તિ દ્વારા સંસ્થા ઉપર અથવા સંસ્થાના અધિકારીશ્રીઓ/કર્મચારીઓ ઉપર કોઈપણ જાતની ભલામણ, લાગવગ કે દબાણ લાવવાનો પ્રયાસ કરશે તો તેવા ઉમેદવારને સંસ્થા દ્વારા ગેરલાયક ઠેરવીને શિક્ષાત્મક કાર્યવાહી કરાશે.

(૧૯) વિશેષ સુચના: ઉમેદવારોને લાંચ રૂશ્વત/લાલચ કે છેતરપિંડી આચારે તેવા અસામાજિક તત્વોથી દૂર રહેવા સાવધાન કરવામાં આવે છે.

(૨૦) પરીક્ષાનું માળખું,તારીખ અને સમય તથા અન્ય સુચનાઓ કોલેજની વેબસાઇટ www.masc.org.in પર મૂકવામાં આવશે.

(૨૧) કોલ લેટર ઉપરની સૂચનાઓ ઉપરાંત કોલેજની વેબસાઇટ www.masc.org.in પરની વખતોવખતની સૂચનાઓ પણ અચુકપણે વાંચવી અને તેનું ચુસ્તપણે પાલન કરવું.

(૨૨) પ્રશ્નપત્ર ભાગ-A માં 60 પ્રશ્નો અને ભાગ- B માં 150 પ્રશ્નો પૂરેપૂરા છપાયેલા છે કે કેમ? તેની સૌ પ્રથમ ખાતરી કરી લેવી.જો પ્રશ્નો પૂરા છપાયા ન હોય અથવા કોઈ પુષ્ઠ ફાટેલું હોય કે કોઈ પુષ્ઠ સામેલ ન હોય (missing) હોય તો તે પ્રશ્નપુસ્તિકા ખંડ નિરીક્ષક પાસેથી તરત જ અચૂક બદલાવી લેવી.

(૨૩) પરીક્ષાનાં સુચારૂં સંચાલનમાં કોઈપણ ઉમેદવાર વિક્ષેપ ઊભો કરશે તો તે શિસ્તભંગ ગણાશે.

આચાર્ય
મ્યુનિસીપલ આર્ટસ એન્ડ
અર્બન બેંક સાયન્સ કોલેજ
મહેસાણા